દિવ્ય ભાસ્કર

### અન્ય રાજ્યમાં વેટનો દર 4 ટકા, જ્યારે ગુજરાતમાં 15 ટકા

# ગુજરાત સરકારના ભારે વેટથી ઉત્તરાંચલમાં વળ્યો ટિમ્બર ઉદ્યોગ

**ચેમ્બર ઓફ કોમર્સે વેટના દર ઘટાડવા માટે ભાજપ સાશીત રાજ્યના નાણામંત્રી સમક્ષ નાખી ધા**

**ભાસ્કર ન્યૂઝ . ગાંધીધામ**

એશિયામાં સૌથું મોટું ટિમ્બર માર્કેટ ગુજરાતમાં હોવા છતાં ટિમ્બર ક્ષેત્રે ઝંપલાવવા ઈચ્છતા નવા સાહસિકો ગુજરાતને બદલે ઉત્તરાંચલ રાજ્ય તરફ વળી રહ્યા છે. આ પાછળ અન્ય કંઇ નહીં, પણ વેટનું ભારણ જવાબદાર છે. દેશના અન્ય રાજ્યોમાં જોઈએ, તો પ્લાયવૂડ અને ટિમ્બર પર માત્ર ચાર ટકા વેટ વસૂલવામાં આવે છે, જેની સરખામણીએ ગુજરાતમાં અધધધ કહી શકાય તેટલો 15 ટકા વસૂલવામાં આવે છે, ત્યારે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજ્યના નાણામંત્રી સમક્ષ વેટના દર ઘટાડવા માંગ કરાઈ છે.

### તામિલનાડુના ટિમ્બર એકમોને આવવું છે, પણ...

**ચેમ્બરના** ઉપપ્રમુખે જણાવ્યું હતું કે, તામિલનાડુમાં વીજ સમસ્યાને કારણે ત્યાંના ટિમ્બર ઉદ્યોગ ગુજરાત તરફ આવવા માગે છે, પરંતુ આ ઉદ્યોગોને વધુ પ્રમાણમાં લેવાતો વેટ નડી રહ્યો છે. હાલ તામિલનાડુના ટિમ્બર ઉદ્યોગકારો વેટના ઊંચા દરથી ખચકાય છે.

પટેલને કરેલી લેખિત રજૂઆતમાં જણાવાયું હતું કે, છેલ્લા દસકામાં થયેલા ઔદ્યોગિક વિકાસને કારણે ગુજરાતનો દેશભરમાં ડંકો વાગી રહ્યો છે અને હજુ પણ વિકાસની વિપુલ તકો રહેલી છે, ત્યારે ગુજરાતમાં એશિયાનો સૌથી મોટો ટિમ્બર ઉદ્યોગ છે, પરંતુ આ ઉદ્યોગો હાલ વેટના બોજ તળે દબાયેલા છે. દેશના અન્ય રાજ્યોની વાત કરીએ, તો ટિમ્બર અને પ્લાયવૂડને ઇનપુટ મટિરિયલ્સ ગણીને વેટનો દર ચાર ટકા રાખવામાં આવ્યો છે, જ્યારે ગુજરાતમાં તો 2008થી વસૂલાતો વેટ 12.5 ટકાથી વધારીને 15 ટકા કરી નાખવામાં આવ્યો છે, જેથી ફટકો પડયો છે તેમજ સ્પર્ધાત્મક બજારમાં સ્થાનિક એકમોને ટકી રહેવું અતિકપરું બન્યું છે. દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તરાંચલ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પ્લાયવુડ અને ટિમ્બર પર વસૂલાતા વેટના દરોમાં સ્પર્ધા અને મંદીના યુગમાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે.

વેટના ઊંચા દરના કારણે નવા એકમોનું મૂડીરોકાણ અટક્યું છે અને સાહસિકો ઉત્તરાંચલ તરફ વળી રહ્યા છે. અંતમાં આ પ્રશ્ને નક્કર નિર્ણય લેવો જરૂરી બન્યો હોવાનું જણાવ્યું હતું. અન્યથા ટિમ્બર ઉદ્યોગ કપરી પરિસ્થિતિમાં

### ગાંધીધામ સ્થિત એશિયાનું સૌથી મોટું ટીમ્બર માર્કેટ સંઘર્ષમાં

# ગુજરાતમાં વેટના અસાધારણ દરના કારણે ટીમ્બર ઉદ્યોગ હવે ઉતરાખંડમાં ફંટાય છે

ગાંધીધામ, તા. ૨

ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રાજયના નાણામંત્રી સમક્ષ પ્લાયવુડ અને ટીમ્બર પર વેટનું ભારણ ઘટાડવા રજૂઆત કરવામાં આવી છે. સાથો સાથ આ વેટનો દર ઘટાડવામાં આવશે તો રાજ્ય સરકારની આવકમાં પણ વધારો થશે તેવી પણ ખાતરી આપવામાં આવી હતી.

## ગાંધીધામ ચેમ્બરે નાણામંત્રીને પત્ર પાઠવી વેટના દરમાં ઘટાડો કરવા વિનંતી કરી : વેટ ઘટાડવામાં આવશે તો રાજ્યની તીજોરીની આવક પણ વધશે

ચેમ્બરે નાણા મંત્રી નીતિનભાઈ પટેલને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટીએ ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવેલું છે. સાથો સાથ કચ્છ જિલ્લાએ પણ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસની રાહ પકડી છે. એશીયાનું સૌથે મોટું ટીમ્બર માર્કેટ અહીં હોવાથી વિકાસની સાથો સાથ હજારો લોકો માટે રોજગારીની પણ તકો ઉભી થઈ છે. ગુજરાતમાં ટિમ્બર અને પ્લાયવુડ પર વેટનો દર ૧૫ ટકા છે જે ઘટાડવા વારંવાર રજૂઆત કરી છે પરંતુ વ્યાજબી માંગણી છતાં સરકારનો સાનુકુળ પ્રતિસાદ સાંપડયો નથી. જેના કારણે ઉદ્યોગ સંઘર્ષનો સામનો કરી રહ્યો છે. દેશના અન્ય રાજ્યોએ ટીમ્બર અને પ્લાયવુડ પર વેટનો દર ઘણો ઓછો રાખ્યો છે જેને કારણે ગુજરાતનો ટીમ્બરનો વ્યાપાર અન્ય રાજ્યમાં ફંટાઈ રહ્યો છે. દેશના ઘણા રાજ્યોએ ટીમ્બર અને પ્લાયવુડને 'ઈનપુટ મટીરીયલ' ગણીને વેટનો દર ચાર ટકા રાખ્યો છે જ્યારે ગુજરાતમાં છેક તા. ૧/૪/૨૦૦૮થી વેટનો દર ક્ર૧૨.૫ ટકાથી વધારીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે. જેથી ટીમ્બર ઉદ્યોગને મોટો ફટકો પડયો છે. સ્પર્ધાત્મક બજારમાં સ્થાનિક એકમોને ટકી રહેવું મુશ્કેલ બન્યું છે. વેટનો દર વધારે હોવાથી ગુજરાતના વ્યાપારી હિતો જોખમાય છે. તેથી અન્ય રાજ્યની જેમ ટીમ્બર અને પ્લાયવુડને ઈનપુટ મટીરીયલ ગણી તેને ચાર ટકાની કક્ષામાં લાવવા અનુરોધ કરાયો છે. વધુમાં ગુજરાત રાજ્યનો વેટનો દર સમગ્ર ભારતમાં સૌથી વધુ છે. દલ્હી, હરિયાણા, પંજાબ, ઉતરાંચલ, પ. બંગાળ જેવા રાજ્યોએ વેટના દર ધરખમ રીતે ઓછા કર્યા છે. વેટ પરના ઊંચા દરને કારણે નવા એકમોનું મૂડી રોકાણ અટક્યું છે અને સાહસિકો ઉતરાંચલ તરફ વળ્યા છે. તામીલનાડુ રાજ્યના ટીમ્બર પ્લાયવુડના સંખ્યાબંધ એકમો વિજ સમસ્યાને કારણે ગુજરાતમાં આવવા માગે છે પરંતુ વેટના અસાધારણ રીતે ઊંચા દરથી તેઓ અચકાય છે. ચેમ્બરે એવું જણાવ્યું હતું કે, ટીમ્બર પ્લાયવુડ પર વેટના દર ઘટાડવામાં આવશે તો રાજ્ય સરકારની આવકમાં વધારો થશે.

# ભુજમાં સર્જાયેલા અકસ્માતના બનાવમાં વૃધ્ધે જીવ ગુમાવ્યો

ભુજ,ગુરૂવાર

ભુજમાં સર્જાયેલા અકસ્માતના બનાવમાં એક વૃધ્ધનું કરૂણ મોત નિપજયું હતું. સ્કુટી થાંભલા સાથે અથડાતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. તો બીજી તરફ અબડાસા તાલુકાના જખૌમાં છકડાની અથડામણમાં બે ટંડેલોને ઈજાઓ પહોંચી હતી.

## જખૌ માર્ગ પર છકડાની અથડામણમાં બે ટંડેલ ઘવાયા

હજુ એક દિવસ પૂર્વે ગાયત્રી મંદિર માર્ગ પર સ્કુટી ચાલક વૃધ્ધનું મોત નિપજવાની ઘટના તાજી જ છે ત્યાં ગુરૂવારે સંતોષી માતાજીના મંદિર પાસે સ્કુટી ચાલક એક વીજ થાંભલા સાથે અથડાતા ૭૫ વર્ષિય વાલજી શિવજી કંસારાને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા તેઓને ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તેઓએ અંતિમ શ્વાસ લઈ લીધા હતા.

જયારે જખૌમાં આવેલી જેટી ઉપર છકડા ચાલકે ટક્કર મારતા અમૃત ડુબર ટંડેલ (ઉ.વ.૪૦) અને ધનસુખ બુધિયાભાઈ ટંડેલ (ઉ.વ.૪૦)ને ઈજાઓ પહોંચી હતી.